**આંક–**

| | |
|---|---|
| રજુ તારીખ | ૧૯/૧૨/૨૦૨૩ |
| દાખલ તારીખ | ૧૯/૧૨/૨૦૨૩ |
| ફેંસલ તારીખ | ૦૯/૦૮/૨૦૨૪ |
| સમયગાળો | વર્ષ : માસ: દિન: |

## મે. મજુર અદાલત, નડિયાદ (જી. ખેડા) ના પ્રિસાઈડિંગ ઓફિસર શ્રી એફ. એ. સિન્ધી સાહેબ સમક્ષ.

રીકવરી (૩૩–સી ૧) અરજી નં. : ૭૬/૨૦૨૩

**ઈન**

રીકવરી (૩૩–સી ૨) અરજી નં. : ૨૯/૨૦૨૨

અરજદાર: લાલજીભાઈ રેવાભાઈ રબારી,
રહે.૯,ચંદ્રસેતુ સોસાયટી, મહેશ વાટીકા પાસે,
માંઈ મંદિર રોડ,
નડીઆદ.–૨.

**: વિરૂધ્ધ :**

સામાવાળા: ચીફ ઓફિસરશ્રી,
નડીઆદ નગર પાલીકા,
નડીઆદ.

હાજર રહયા : અરજદાર તરફે વિ.પ્ર.શ્રી હિતેષભાઈ પટેલ
સામાવાળા તરફે વિ.વ.શ્રી એ.એસ.શાહ

## : : ચુકાદો : :

(૧) આ કામના અરજદારની હાલની આઈ.ડી. એકટ–૩૩(સી)(૧) મુજબની અરજીની ટુંકમાં હકીકત નીચે મુજબ છે.

આ કામના અરજદારે હાલની રીકવરી અરજી તે રીકવરી (સી–૨) નં.૨૯/૨૦૨૨ ના કામમાં થયેલ હુકમ મુજબની રકમ મેળવવા માટે કરેલી છે. વધુમાં જણાવેલ છે કે, અરજદાર સામાવાળી સંસ્થાના કાયમી કર્મચારી હતા અને વય નિવૃત્તીથી નિવૃત્ત થયા બાદ તેઓને હકક રજાની રકમ ચુકવી નહી આપતા તેઓએ અગાઉ કલમ–૩૩(સી–૧) હેઠળ રીકવરી અરજી દાખલ કરેલી હતી અને તેમાં નામ. કોર્ટે ચુકાદો પસાર કરી, સામાવાળાને હુકમ તારીખથી દિન–૬૦ માં રૂા.૪,૩૮,૬૦૦/– પુરા ચુકવી આપવાનો હુકમ કરેલો અને જો આ રીતે રકમ ન ચુકવે તો હુકમ તારીખથી દિન–૬૦ બાદ આ રકમ ઉપર ૯% લેખે વ્યાજ મેળવવા હકકદાર હોવાનું ઠરાવેલું. તેમ છતાં સામાવાળાએ કોઈ રકમ ચુકવી આપેલ ન હોય હાલની અરજી કરેલ છે. સામાવાળાએ હુકમ થયો હોવા છતાં આવી કોઈ રકમ ચુકવી આપેલ નથી. જેથી સામાવાળાને તા.૬/૧૦/૨૦૨૩ ના રોજ પત્ર લખી સદર હુકમની નકલ મોકલી આપેલ હતી. તેમ છતાં આવી કોઈ રકમ આજદિન સુધી ચુકવેલી નથી. જેથી હાલની અરજી કરી અરજદારે અગાઉના હુકમ મુજબની રકમ ૯% ના વ્યાજ સહીત સામાવાળા ચુકવી આપી અને તે રકમનું વસુલાત અંગેનું વસુલાત સર્ટીફીકેટ કલેકટરશ્રી સમક્ષ કાઢી આપવાનો હુકમ કરવા તથા અરજી ખર્ચ પેટે રૂા.૩,૫૦૦/– અપાવવાની દાદ માંગેલ છે.

(૨) આ કામના સામાવાળાને આંક–૪ વાળી નોટીસ ઈસ્યુ કરતા તે નોટીસ તેઓને બેલીફશ્રીના શેરા મુજબ બજી ગયેલ છે. સામાવાળા તરફે તેમના વિ.વ.શ્રી હાજર થયેલા પરંતુ કોઈ જવાબ રજુ નહી કરતા, સામાવાળાનો જવાબનો હકક પ્રોસીડીંગ્સના કામે બંધ કરવામાં આવેલો છે. ત્યારબાદ અરજદાર તરફે આંક–૬ થી સરતપાસનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે અને સામાવાળા દ્વારા અરજદારની ઉલટતપાસ કરવામાં આવેલ છે. વધુમાં અરજદાર તરફે પોતાની અરજી સાથે રીકવરી (૩૩–સી ૨) અરજી નં.૨૯/૨૦૨૨ ના હુકમની સર્ટીફાઈડ

ઝેરોક્ષ નકલ તથા સામાવાળાને લખેલ પત્રની નકલ રજુ રાખેલ છે. અંતે અરજદારે આંક–૭ થી કલોઝીંગ પુરશીસ રજુ કરેલી છે. અરજદારે આંક–૮ થી તેમની નોકરીના વૃતાંતની નકલ રજુ કરેલ છે.

(૩) સદરહું કામ સામાવાળાના પુરાવા માટે મુલત્વી રાખવામાં આવેલ હતું. પરંતુ સામાવાળા તરફે તેમના વિ.વ.શ્રીએ આંક–૧૦ થી કલોઝીંગ પુરશીસ રજુ કરી જાહેર કરેલ છે કે, તેઓ કોઈ મૌખીક પુરાવો આપવા માંગતા નથી.

(૪) આ કામે પક્ષકારો તરફે મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે. પક્ષકારો તરફે નામ. ઉચ્ચ અદાલતની કોઈ જ ઓથોરીટી રજુ થયેલ નથી.

(૫) આ કામે રજુ થયેલ પ્લીડીંગ્સ, પુરાવા અને દલીલો આધારે હાલની અરજીના ન્યાયીક નિકાલ અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– : : મુદ્દાઓ : : –**

(૧) શું અરજદાર આ કામના સામાવાળા પાસેથી રીકવરી (૩૩, સી–૨) અરજી નં.૨૯/૨૦૨૨ ના કામમાં પસાર થયેલ હુકમ મુજબ, રકમ મેળવવા હકકદાર છે ?

(૨) શું હુકમ ?

**– : : નિષ્કર્શ : : –**

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**– : : પરામર્શ : : –**

***(૬) મુદ્દા નં.(૧) : –***

આ કામમાં અરજદારે હાલની રીકવરી અરજી, રીકવરી (૩૩,સી–૨) અરજી નં.૨૯/૨૦૨૨ ના કામમાં પસાર કરવામાં આવેલ હુકમ સંદર્ભેની રકમ માટે રીકવરી સર્ટીફીકેટ ઈસ્યુ કરવા અંગે કરેલ છે. અરજદારે વધુમાં એવું જણાવેલ છે કે, તેઓને આજ દિન સુધી સામાવાળાએ કોઈ રકમ ચુકવેલ નથી. સામાવાળાએ તરફે હાજર થઈ આ કામે અરજદારની અરજીનો કોઈ જ લેખિત જવાબ રજુ કરેલો નથી કે તેઓએ અરજદારને કોઈ રકમ ચુકવી આપેલ હોઈ, કે તે રીકવરી અરજીના હુકમ સામે કોઈ અપીલ કરેલ હોઈ કે નામ.ઉચ્ચ અદાલતના હુકમ અન્વયે અગાઉનો હુકમ સ્થગીત કરાવેલ હોઈ તેવી કોઈ જ રજુઆત કરેલ નથી. વધુમાં સામાવાળા દ્વારા અરજદારની ઉલટતપાસમાં પણ અરજદારની અરજી વિરુધ્ધની કોઈ હકીકત કઢાવી શકેલા નથી.

વધુમાં અરજદારે પોતાની અરજી સાથે રજુ કરેલ સોગંદનામું રજુ કરી જાહેર કરેલ છે કે, સામાવાળાએ નામ. ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરેલ નથી કે તેની નકલ તેઓને મળેલ નથી. રીટ શાખા તરફથી આંક–૧ તળે શેરો થઈ આવેલ છે કે, રીકવરી (સી–૨) અરજીના હુકમ સામે કોર્ટનું રેકર્ડ, રીટ રજીસ્ટર તપાસતા કોઈ અપીલ થયેલ હોવાનું અત્યાર સુધી જણાતું નથી તેમજ એકાઉન્ટ શાખા તરફથી શેરો થઈ આવેલ છે કે, હાલના કામે અત્યારસુધી કોઈ રકમ જમા થયેલ નથી. જેથી હવે માત્ર રીકવરી (સી–૨) અરજીની અમલવારી કરવાની થાય છે.

હવે આ કામે રીકવરી(સી–૨) ની અરજી લગત થયેલ હુકમ જોવામાં આવે તો, તેમાં અરજદાર સામાવાળા પાસેથી કલમ–૩૩(સી–૨) ની રીકવરી અરજીના કામમાં પસાર કરવામાં આવેલ હુકમ સંદર્ભે ૩૦૦ હકક રજાના પગારની રકમ રૂા.૪,૩૮,૬૦૦/– પુરા મેળવવા હકકદાર હોવાનું અને તે રકમ તે હુકમ તારીખથી દિન–૬૦ માં ન ચુકવી આપે તો તેના ઉપર ૯% લેખે વ્યાજ સહીતની રકમ અરજદાર મેળવવા હકકદાર હોવાનું ઠરાવેલ છે. પરંતુ

સામાવાળાએ અરજદારને આજ દિન સુધી આવી કોઈ જ રકમ ચુકવી આપેલ ન હોઈ, અરજદાર આ રકમ ઉપર ૯% લેખે સાદું વ્યાજ મેળવવા પણ હકકદાર થાય છે. આમ અરજદાર હુકમ તારીખથી દિન–૬૦ બાદ એટલે કે, તા.૨૭/૧૧/૨૦૨૩ થી હાલનો હુકમ થતાં તા.૦૯/૦૮/૨૦૨૪ સુધી વ્યાજ મેળવવા હકકદાર સાબીત થાય છે. જેથી અરજદાર સામાવાળા પાસેથી આ વ્યાજ સહીતની કુલ રકમ રૂા.૪,૬૬,૨૮૬/– મેળવવા હકકદાર સાબીત થાય છે. પરંતુ આજ દિન સુધી સામાવાળાએ અરજદારને આવી કોઈ જ રકમ ચુકવેલ ન હોય, સામાવાળા સામે કલેકટરશ્રી તરફ વસુલાત સર્ટીફીકેટ ઈસ્યુ કરવાનું થાય છે. આમ રેકર્ડ ઉપરની સમગ્ર હકીકતે આ કામના અરજદારને બાકી લેણી રકમ વસુલ અપાવવા સારૂં સામાવાળાની સામે રેવન્યુ રાહે વસુલાત અર્થેનું રીકવરી સર્ટીફીકેટ ઈસ્યુ કરવું યોગ્ય અને ન્યાયોચિત જણાય છે.

આમ સમગ્ર ચર્ચાએ આ કામના અરજદાર, સામાવાળા પાસેથી રૂા.૪,૬૬,૨૮૬/– મેળવવા હકકદાર સાબીત થતાં હોઈ, મુદ્દા નં.(૧) નો જવાબ તે રીતે "**હકાર**" માં આપવામાં આવે છે અને મુદ્દા નં.(૨) અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**: <u>હુકમ</u> :**

અરજદારની હાલની અરજી આથી અંશત: મંજુર કરવામાં આવે છે.

આ કામના અરજદાર રીકવરી (સી–૨) અરજી નં.૨૯/૨૦૨૨ ના કામમાં પસાર કરવામાં આવેલ હુકમ સંદર્ભે સામાવાળી સંસ્થા ચીફ ઓફિસર નડીઆદ નગર પાલીકા, નડીઆદનાઓ પાસેથી રૂા.૪,૬૬,૨૮૬/– મેળવવા હકકદાર બનતા હોઈ, જેથી **રૂા.૪,૬૬,૨૮૬/–(અંકે રૂપિયા ચાર લાખ છાસઠ હજાર બસો છયાંસી)** પુરાનું રેવન્યુ રાહે વસુલાત અર્થેનુ રીકવરી સર્ટીફીકેટ સામાવાળાના

નામનું ઈસ્યુ કરી, સંબંધીત કલેકટરશ્રી તરફ મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ રોજ તારીખ–૦૯મી, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૪ ના રોજ ખુલ્લાં ન્યાયાલયમાં વાંચી–સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

**તારીખ : ૦૯/૦૮/૨૦૨૪**
**નડીઆદ.**
(M.D.)

**(ફૈયાઝ અમાનુલ્લાખાન સિન્ધી)**
**પ્રિસાઈડીંગ ઓફિસર**
**મજૂર અદાલત, નડીઆદ.**
[GJ01151]